REGISTRAR J.A.U. JUNAGADH.

# રાજયની કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

(આણંદ, જૂનાગઢ, નવસારી અને સરદારકૃષિનગર)

## જાહેરાત ક્રમાંક : ૧/૨૦૨૫

રાજયની કૃષિ યુનિવર્સિટીઓ (આણંદ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી)માં **બિન શૈક્ષણિક વહિવટી સંવર્ગ (વર્ગ-૩) જૂનીયર કલાર્કની ખાલી જગ્યાઓ પાંચ વર્ષ માટે માસિક ફિકસ પગાર રૂ.૨૬૦૦૦/- ત્યારબાદ પે લેવલ: ૨ (રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦)** સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગીયાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી રાજયની કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઈટ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પરથી ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

આ માટે ઉમેદવારોએ રાજયની ચાર પૈકી કોઇપણ એક કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર **તા.૧૫/૦૭/૨૦૨૫ (સમય ૧૧-૦૦ કલાક) થી તા.૧૧/૦૮/૨૦૨૫ (સમય ૨૩:૫૯ કલાક સુધી)** દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in વેબસાઇટ પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે વેબસાઇટ અચુક જોતા રહેવું.

(૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ સમગ્ર જાહેરાત ઓન-લાઈન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

(૨) ઓન-લાઈન અરજી કરતી વખતે ઉમેદવારે કોઈ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓન-લાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો), તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી **"રદ્"** થવાપાત્ર બને છે.

(૩) જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. અને ઈમેઈલ મારફત આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અને ઈમેઈલ અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી જાળવી રાખવો જરૂરી છે, જે આપના હિતમાં છે.

REGISTRAR J.A.U. JUNAGADH.

## જૂનિયર કલાર્ક વર્ગ–૩ ની વિગતવાર જગ્યાઓ

| સંવર્ગનું નામ | કૃષિ યુનિવર્સિટીઓનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | માજી સૈનિક | દિવ્યાંગજન |
| જુનિયર કલાર્ક, વર્ગ–૩ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ૭૩ | ૩૭ | ૦૬ | ૧૬ | ૦૩ | ૧૧ | ૧૨ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૭ | ૦૩ |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | ૪૪ | ૧૭ | ૦૬ | ૧૦ | ૦૩ | ૦૮ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૪ | ૦૨ |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | ૩૨ | ૧૪ | ૦૩ | ૦૯ | ૦૩ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ |
| | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | ૭૮ | ૩૦ | ૦૮ | ૧૯ | ૦૭ | ૧૪ | ૦૯ | ૦૨ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૪ |

ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી દિવ્યાંગજન ઉમેદવારો માટે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે.

| **સંવર્ગનું નામ** | **A** | **B** | **C** | **D & E** |
|---|---|---|---|---|
| જુનિયર કલાર્ક, વર્ગ–૩ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD, SI | ASD(M), SLD, MI, MD |

**CATEGORY ABBREVIATIONS USED**: B (Blind), LV (Low Vision), D (Deaf), HH (Hard of Hearing), OA (One Arm), BA (Both Arms), OL (One leg), BL (Both Legs), OAL (One Arm and One leg), CP (Cerebral Palsy), LC (Leprosy Cured), Dw (Dwarfism), AAV (Acid Attack Victim), MDy (Muscular Dystrophy), SD- Spine Deformity, SI- Spine Injury, ASD (Autism Spectrum Disorder) M-Mild MoD-Moderate, SLD (Specific Learning Disability), MI (Mental Illness), MD (Multiple Disabilities) Disabilities included in Group A to D.

**★ દિવ્યાંગજન ઉમેદવારો માટે :–**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક : ACD/SEC/e-file/2/2023/0310/K2 Section – Agri Uni તા.૦૪/૧૦/૨૦૨૩ થી રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના વિવિધ સંવર્ગો માટે દિવ્યાંગતાની કેટેગરી નક્કી થયા મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે.

(૨) દિવ્યાંગજન ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૧૪૦/ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ /સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રોને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળશે.

(૩) દિવ્યાંગજન ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની દિવ્યાંગતાની ટકાવારી/વિગત દર્શાવવાની રહેશે.

(૪) દિવ્યાંગજન ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઈ/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની

ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે તો જ દિવ્યાંગજન ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશકતતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં).

(૫) રાજ્ય સરકારશ્રી દ્વારા દિવ્યાંગજન ઉમેદવારો માટે ૪ ટકા (સબ કેટેગરી A માટે ૧ ટકા, B માટે ૧ ટકા, C માટે ૧ ટકા અને D & E માટે ૧ ટકા) અનામતની જોગવાઈ કરવામાં આવેલ છે. દિવ્યાંગજન ઉમેદવારો જે તે ઉપલબ્ધ સબ કેટેગરી સામે આંતરિક રીતે સરભર કરવામાં આવશે.

(૬) દિવ્યાંગજન ઉમેદવારોની જગ્યા માટે લાયક દિવ્યાંગજન ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૭) દિવ્યાંગજન માટે નિયમાનુસાર ૪% જગ્યા અનામત છે. દિવ્યાંગજન કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે.

**★ માજી સૈનીક ઉમેદવારો માટે :-**

(૧) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.

**★ મહિલા ઉમેદવારો માટે :-**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨(ભાગ-૧) ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ અને અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૨) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઈ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/આર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુન:લગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે માંગવામાં આવે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

**★રાષ્ટ્રીયતા:-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

REGISTRAR J.A.U. JUNAGADH.

REGISTRAR J.A.U. JUNAGADH.

**★ વયમર્યાદા:-**

૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૨. **તારીખ:૧૧/૦૮/૨૦૨૫** ના રોજ ઉમેદવારની **ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ** અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ની જોગવાઈ અનુસાર રહેશે.

**★ વયમર્યાદામાં છૂટછાટ:-**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક અને દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે અને આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫ વર્ષ + ૫ વર્ષ = ૧૦ વર્ષ ) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના દિવ્યાંગજન પુરૂષ ઉમેદવારોને (૧૦ વર્ષ ) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના દિવ્યાંગજન મહિલા ઉમેદવારોને (૧૦ વર્ષ + ૫ વર્ષ = ૧૫ વર્ષ ) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના દિવ્યાંગજન પુરૂષ ઉમેદવારો (૫ વર્ષ + ૧૦ વર્ષ = ૧૫ વર્ષ ) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના દિવ્યાંગજન મહિલા ઉમેદવારો (૫ વર્ષ + ૧૦ વર્ષ + ૫ વર્ષ = ૨૦ વર્ષ ) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

- માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.
- ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (SAUs) ના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદા સ્ટેચ્યુટ S-116ના નિયમ ૨૭.૩ મુજબ છૂટછાટ મળવાપાત્ર થશે.
- અનામતના ધારા ધોરણો માટે નામદાર ગુજરાત સરકારશ્રીની વખતો વખતની અનામત નીતિ અનુસરવામાં આવશે.

**★ શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઈશે **અથવા** સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

★ **અનુ.જાતિ, અનુ.જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ:–**

(૧) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

(૨) અનુ.જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે તથા યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક રજુ/સામેલ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી **"રદ્"** ગણવામાં આવશે.

(૫) સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક-સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક-સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અની જોગવાઈ અનુસાર **તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૧૧/૦૮/૨૦૨૫** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ **પરિશિષ્ટ–૪** ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલેયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

(૬) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

(૭) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી **"રદ્"** કરવામાં આવશે.

(૮) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૯) જે સંવર્ગની જગ્યાઓમાં E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં **Annexure–KH** અથવા ગુજરાતીમાં **પરિશિષ્ટ–ગ**) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:-ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા.૧૦/૦૮/૨૦૨૨ થી તા.૧૧/૦૮/૨૦૨૫** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ બિન અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૧૦) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (એટલે કે વય મર્યાદા, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૧૧) ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ(કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

(૧૨) જો કોઇ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરીમાં અરજી કરે પરંતુ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા માંગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજુ કરી શકે નહી તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇ પણ છુટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબકકે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવી શકે છે. પરંતુ કોઇપણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી કે અન્ય કોઇ તબકકે બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી.

**★ કોમ્પ્યુટરની જાણકારી:-**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં, તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ્"** કરશે.

**★ શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારીત તારીખ :-**

**જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૧૧/૦૮/૨૦૨૫ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.**

**★ પગાર ધોરણ:-**

નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ ના તથા તા.૨૯/૪/૨૦૧૦ અને તા.૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે નાણા વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે રૂ. ૨૬૦૦૦/- નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮-૦૩-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

REGISTRAR J.A.U., JUNAGADH.

★ **અરજી ફીના દર:-**

| ક્રમ | વિગત | અરજી ફીની રકમ (રૂા.) |
| --- | --- | --- |
| ૧ | બિન અનામત વર્ગના પુરુષ/મહિલા ઉમેદવારો માટે | રૂ.૧૦૦૦/- + બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ |
| ૨ | અનામત વર્ગના પુરુષ/મહિલા ઉમેદવારો માટે ( EWS/SC/ST/SEBC) | રૂ.૨૫૦/- + બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ |
| ૩ | દિવ્યાંગજન ઉમેદવારો માટે | રૂ.૨૫૦/- + બેન્ક ટ્રાન્ઝેકશન ચાર્જીસ |
| ૪ | માજી સૈનિક ઉમેદવારો માટે | શુન્ય |

- **ઓન-લાઈન ફોર્મ તેમજ ઓન-લાઈનના માધ્યમથી ફી ભરવાની વિગતવાર સુચના "USER MANUAL" માં આપવામાં આવેલ છે. જે તે ઉમેદવારે ફોર્મ ભરતા પહેલા અચુક જોઇ લેવી.**
- તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ભરવાની થાય છે. ઉમેદવાર જ્યારે રાજયની કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઈટ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર પોતાની અરજી કરે ત્યારે તેઓને અરજી ફી ઓન-લાઈન ભરવાની રહેશે.
- તમામ ઉમેદવારોએ ફી ભર્યા અંગેના આધારો પોતાની પાસે રાખવાના રહેશે.
- **અરજી ફી રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર, પે-ઓર્ડર કે અન્ય કોઈ સ્વરૂપે ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**
- અરજી ફી નહીં ભરનાર ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈ પણ જાતની જાણ કર્યા વગર **"રદ્"** કરવામાં આવશે.

★ **પરીક્ષા પધ્ધતિ:-**

કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઈન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ? અને અરજી ફી ભરેલ છે કે કેમ?) કરીને લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: GS/2023/15/0125/K તેમજ (૨) તા.૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પધ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

**તબક્કો-૧: પ્રાથમિક પરીક્ષા (OMR અથવા CBRT પધ્ધતિથી)**

| Syllabus | | Marks |
| --- | --- | --- |
| 1. | Reasoning | 40 Marks |
| 2. | Quantitive aptitude | 30 Marks |
| 3. | English | 15 Marks |
| 4. | Gujarati | 15 Marks |
| | **Total** | **100 Marks** |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કા માટે **પ્રાથમિક પરીક્ષા MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી Optical Marks Reading (OMR) અથવા Computer Based Response Test (CBRT) પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે.**
- પ્રાથમિક પરીક્ષા **૧૦૦ પ્રશ્નોના** પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ **૧૦૦ ગુણ**ની રહેશે. પરીક્ષાનો સમય **૬૦ મિનિટ**નો રહેશે.
  - (i) પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ **૦.૨૫ ગુણ** નેગેટીવ માર્કિંગ રહેશે.
  - (ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ **૦.૨૫ ગુણ** કાપવામાં આવશે
  - (iii) એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ **૦.૨૫ ગુણ** કાપવામાં આવશે.

REGISTRAR J.A.U. JUNAGADH

(iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ("Not Attempted") રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી. આ ઉમદવારે સાચા જવાબ દવારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i),(ii),(iii) મુજબ બાદ (માઇનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ ઉમેદવારને પ્રાપ્ત ગુણ ગણવામાં આવશે.

- દિવ્યાંગજન ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- **અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.**
- પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- પ્રાથમિક પરીક્ષામાં લઘુતમ લાયકી ધોરણ (બિન અનામત, શા. શૈ.પ. અને આ.ન.વ. માટે ૫૦% ગુણ તથા અ.જ.જા., અ.જા., દિવ્યાંગજન અને માજી સૈનિક માટે ૪૦% ગુણ) મુજબ ગુણ મેળવેલ હશે તેવા ઉમેદવારોને જ બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

**તબક્કો-૨:- મુખ્ય પરીક્ષા**

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮-૦૫-૨૦૨૩ના જાહેરનામા મુજબ MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી **Optical Marks Reading (OMR) અથવા Computer Based Response Test (CBRT)** પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

| | **Syllabus** | **Marks** |
|---|---|---|
| 1. | Gujarati | 20 Marks |
| 2. | English | 20 Marks |
| 3. | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4. | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5. | Economics, Environment, Science & Tech. | 30 Marks |
| 6. | Current Affairs and Current Affairs with reasoning | 30 Marks |
| 7. | Reasoning | 40 Marks |
| | **Total** | **200 Marks** |

- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.
- **મુખ્ય** પરીક્ષા **૨૦૦ પ્રશ્નોના** પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ **૨૦૦ ગુણ**ની રહેશે. પરીક્ષાનો સમય **૧૨૦ મિનિટ**નો રહેશે.

(ii) પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ **૦.૨૫ ગુણ** નેગેટીવ માર્કિંગ રહેશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ **૦.૨૫ ગુણ** કાપવામાં આવશે

(iii) એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ **૦.૨૫ ગુણ** કાપવામાં આવશે.

(iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ("Not Attempted") રહેશે ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી. આ ઉમદવારે સાચા જવાબ દવારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i),(ii),(iii) મુજબ બાદ (માઇનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ ઉમેદવારને પ્રાપ્ત ગુણ ગણવામાં આવશે.

- દિવ્યાંગજન ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા (તબ્બકો – ૨) ને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવશે.

- ડોક્યુમેન્ટ વેરીફીકેશન બાદ તૈયાર કરેલ અગ્રતાક્રમમાં મેરીટ એકસરખું થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
  - (અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના ગુણ/મેરીટ સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેની જન્મતારીખ (મોટા ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.
  - (બ) ઉક્ત (અ) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં મુખ્ય પરીક્ષા OMR (Optical Marks Reading) અથવા CBRT (Computer Based Response Test) માં મેળવેલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.
  - (ક) ઉક્ત (બ) મુજબ OMR (Optical Marks Reading) અથવા CBRT (Computer Based Response Test)પરીક્ષામાં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ માં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.

★ **અરજી કરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા તા.૧૫/૦૭/૨૦૨૫ (સમય ૧૧-૦૦ કલાક) થી તા.૧૧/૦૮/૨૦૨૫ (સમય ૨૩-૫૯ કલાક) દરમ્યાન રાજયની કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઈટ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર ઓનલાઇન અરજીપત્રક ભરી શકશે. એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં એક અરજી માન્ય ગણીને કાર્યવાહી કરવામાં આવશે.

★ **ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે:-**

**ઓન-લાઈન અરજીપત્રક ભરવા માટેની વિગતવાર સુચના "USER MANUAL" માં આપવામાં આવેલ છે. જે તે ઉમેદવારે ફોર્મ ભરતા પહેલા અચુક જોઇ લેવી.**

નોંધ:- સયુંકત જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫ સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઇન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો **હેલ્પ ડેસ્ક નં. ૮૫૯૫૯૦૪૪૦૭ તથા support@registernow.in અથવા aid.exams@gmail.com ઉપર સંપર્ક કરી શકાશે.**

★ **સામાન્ય શરતો / સૂચનાઓ :-**

(૧) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં માત્ર **(1) રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ** દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા **ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉક્ત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) સમગ્ર ભરતી પ્રક્રિયા સંદર્ભે કૃષિ યુનિવર્સિટીઓ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે રાજયની કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઈટ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર અવાર નવાર જોતા રહેવું.

(૩) સમગ્ર ભરતી પ્રક્રિયા પુરી ન થાય ત્યા સુધી આર.ટી.આઇ. એક્ટ-૨૦૦૫ હેઠળ કોઇ પણ પ્રકારની માહિતી માગતી કોઇપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) **ના વાંધા પ્રમાણપત્ર (NOC):-** ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ કૃષિ યુનિવર્સિટીઓની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબક્કે **"રદ્"** ગણવામાં આવશે.

(૬) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(૭) યુનિવર્સિટી દ્વારા જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટ (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્યકોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ **"રદ્"** થવાને પાત્ર બનશે.

(૮) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ **"રદ્"** કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે **"રદ્"** કરવામાં આવશે.

(૯) રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા લેવાનાર પ્રાથમિક કે મુખ્ય પરીક્ષામાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૧૦) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૧૧) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૧૨) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો કૃષિ યુનિવર્સિટીઓને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૧૩) રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા લેવાનાર પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. વધુમાં, અંગ્રેજી વિષયને લગતા પ્રશ્નોનું માધ્યમ અંગ્રેજી રહેશે.

(૧૪) **રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની જુનિયર ક્લાર્ક સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે તા. ૦૮/૦૫/૨૦૨૫ ના આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ચારેય કૃષિ યુનિવર્સિટીઓના અધિકારીશ્રીઓની મળેલ બેઠકમાં નક્કી થયા મુજબ જાહેરાત પ્રસિદ્ધ કરવાની કામગીરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢે કરવાની થતી હોય, ચારેય કૃષિ યુનિવર્સિટીઓ વતી કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા આ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

(૧૫) અગત્યની તારીખો :

| ક્રમ | વિગત* | તારીખ | |
|---|---|---|---|
| | | ક્યાંથી | ક્યાં સુધી |
| ૧ | વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિદ્ધ કરવાની, ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ અને ફી ભરવાની કાર્યવાહીની તારીખ | ૧૫/૦૭/૨૦૨૫ (૧૧-૦૦ કલાક થી) | ૧૧/૦૮/૨૦૨૫ (૨૩-૫૯ કલાક સુધી) |

* ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ અને ફી ભરવાની વિગતો રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઈટ પર જોવા મળશે.

સ્થળ: જૂનાગઢ.
તા.૧૪/૦૭/૨૦૨૫

કુલસચિવ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ